અપીલ અરજી નં.૨૮૬ તા. ૧૩–૧૨ –૧૦/૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી થદારામ કેવલરામ મહેતાણી
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી થદારામ કેવલરામ મહેતાણીની તા.૧૩–૧૦–૧૦ ની અરજીથી (૧) ફલેટ નં.૩૦૧ અને ૩૦૫ સોના એપાર્ટ. રામનગર , રાંદેર સુરત શહેર વોર્ડ નં.૧૬ડી અને સર્વે નં.૧૨૮ ની બાંધકામની રજાચિઠ્ઠી ઓકયુપેશન સર્ટીફીકેટ તેમજ સદરહુ બિલ્ડીંગ બન્યા બાદ સદર ફલેટના માલિકના અને કબ્જેદારોની તમામ દસ્તાવેજો આકારણી પત્રક ટેક્ષ એસેસમેન્ટ ૧૯૯૦ થી માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૩–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૮૬/૨૦૧૦–૧૧

શ્રી થદારામ કેવલરામ મહેતાણીની તા.૧૩–૧૦–૧૦ ની અરજીથી (૧) ફલેટ નં.૩૦૧ અને ૩૦૫ સોના એપાર્ટ. રામનગર , રાંદેર સુરત શહેર વોર્ડ નં.૧૬ડી અને સર્વે નં.૧૨૮ ની બાંધકામની રજાચિઠ્ઠી ઓકયુપેશન સર્ટીફીકેટ તેમજ સદરહુ બિલ્ડીંગ બન્યા બાદ સદર ફલેટના માલિકના અને કબ્જેદારોની તમામ દસ્તાવેજો આકારણી પત્રક ટેક્ષ એસેસમેન્ટ ૧૯૯૦ થી માહિતી આપવા બાબતે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૪૮૭ ૧–૧૧–૧૦ થી આપેલ જવાબ અધૂરો અને અપૂરતી માહિતી અને જાણીબુઝીને ગેરમાર્ગે દોરેલ છે તેવું જણાવી એપેલેટ ઓફિસરનેતા.૧૩–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૮૩ તા.૨૨–૧૨–૧૦ થી ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તેમના પત્ર નંબર ૬૨૧ તા.૨૯–૧૨–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, તબદીલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈસેલ/આ.નં.૪૮૭ તા.૧–૧૧–૧૦ તથા પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈસેલ/આ.નં.૫૦૮ તા.૧૫–૧૧–૧૦ ના પત્રની નકલ, પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈસેલ/આ.નં.૫૫૯ તા.૬–૧૨–૧૦ ના પત્રની નકલ તથા મની ઓર્ડરના મેસેજની નકલ તથા નકલ ફી ની રસીદ નં.૧૩૨૮૫૦ તા.૨–૧૨–૧૦ ની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગેના પુરાવાની નકલ રજૂ કરેલ છે. જે અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા. ૧૩–૧૦–૧૦ ની અરજીથી (૧) ફલેટ નં.૩૦૧ અને ૩૦૫ સોના એપાર્ટ. રામનગર , રાંદેર સુરત શહેર વોર્ડ નં.૧૬ડી અને સર્વે નં.૧૨૮ ની બાંધકામની રજાચિઠ્ઠી ઓકયુપેશન સર્ટીફીકેટ તેમજ સદરહુ બિલ્ડીંગ બન્યા બાદ સદર ફલેટના માલિકના અને કબ્જેદારોની તમામ દસ્તાવેજો આકારણી પત્રક ટેક્ષ એસેસમેન્ટ ૧૯૯૦ થી આજ દિન સુધીની માહિતી આપવા બાબત. (૨) સદરહુ મિલ્કત જો હસ્તાંરીત થયેલ હોય તો તે અંગે સુરત મહાનગરપાલિકામાં કયા દસ્તાવેજોના આધારે નામફેર કરવામાં આવેલ છે. જે લગતા તમામ પુરાવાઓ અને સંબધિત પક્ષકારે જે પણ અરજી સાથે દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ હોય તેના તમામ દસ્તાવેજોની શેરા અને હુકમ સાથેની માહિતી. (૩) સદર મિલ્કતના હાલના માલિક તથા રેકર્ડ મુજબ કોણ છે તેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને કરવામાં આવેલ. જે સુરત સુરત મહાનગરપાલિકાને તા.૧૩–૧૦–૧૦ ના રોજ મળેલ. જે અત્રેના આ.નં.૮૧૯ તા.૧૫–૧૦–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને મોકલવામાં આવેલ. જે રાંદેરઝોન ખાતે તા.૧૬–૧૦–૧૦ ના રોજ આઈ ડી નં.૨૯૭ થી નોંધાયેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૪૮૭ તા.૧–૧૧–૧૦ થી મુદ્દા નં.૧ પૈકી '' ફલેટ નં.૩૦૧ અને ૩૦૫, સોના એપાર્ટમેન્ટ, રામનગર, રાંદેર, સુરત શહેર વોર્ડ નં.૧૬/ડી અને સર્વે નં.૧૨૮ ની બાંધકામની રજાચિઠ્ઠી તેમજ ઓકયુપેશન સર્ટીફીકેટ વિગેરે માહિતી અત્રેની કચેરીએ રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જયારે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૫૦૮ તા.૧૫–૧૧–૧૦ થી અરજદારે ટેના નં.૧૬ડી–૦૯–૩૧૧૧–૦–૦૦૧ તેમજ ટેના નં.૧૬ડી–૦૯–૩૧૨૧–૦–૦૦૧ ની નામફેર અંગેના તુમારની માહિતી નકલ પાના દીઠ રૂ.૨/– લેખે ફી ભરવાથી વેસ્ટઝોન કચેરીએથી મળી શકશે તેવું જણાવેલ છે. ત્યાર બાદ અરજદારે મનીઓર્ડરથી રૂ.૧૦૦/– માહિતીના દસ્તાવેજ અને પોસ્ટલ ખર્ચ પેટે મોકલેલ હોવાનું જણાવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ રસીદ નં.૧૩૨૮૫૦ તા.૨–૧૨–૧૦ થી રૂા.૫૪/– પાના નંગ–૨૭ ની માહિતી અરજદારને તા.૨–૧૨–૧૦ ના રોજ પોસ્ટથી મોકલેલ હોવાના પુરાવાની નકલ રજૂ કરેલ છે. જે અરજદારે મળેલી માહિતી ફલેટ નં.૬ની હોવાનું જણાવી અરજદારે અપીલ અરજી સાથે રજૂ કરેલ છે જે ફલેટ નં.૬ ની અને ટેના નં.૧૬ડી–૦–૩૧૨૧–૦–૦૦૧ ની માહિતી આપેલ જણાય છે. જે બાબતે અરજદારે માંગેલ માહિતીથી વિપરિત દસ્તાવેજો મોકલ્યાનું જણાવી તા.૧૩–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે અને આપેલ નિર્ણય અધૂરો અને પૂરતી માહિતી આપેલ નથી અને ગેરમાર્ગે દોરેલ છે તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૧ માં રેકર્ડ ઉપલબ્ધ નથી તથા મુદ્દા નં.૨ અને ૩ નો કોઈ જવાબ આપવામાં આવેલ નથી. હાલના કબ્જેદારના માલિકોના નામો કયા આધારે દાખલ કરવામાં આવેલ છે જે માહિતી જાણીબુઝીને છુપાવી માહિતીથી વંચિત રાખેલ છે અને ફલેટ નં.૧ અને ૫ ને બદલે ફલેટ નં.૬ ની માહિતી

આપવામાં આવેલ છે જે માહિતીની અમોએ માંગણી કરેલ નથી તેવી રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારને અપીલમાં અધૂરી, અપૂરતી માહિતી આપેલ હોય અને મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી આપેલ ન હોઈ શિક્ષાત્મક અને દંડકીય હુકમ કરવા અંગેની દાદ માંગવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીએ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોવા બાબતે જણાવેલ છે. પરંતુ તે માહિતીનો નાશ કે નિકાલ અંગેની કોઈ વિગતો જણાવેલ નથી. જે અરજદારે જણાવવાની રહે. જયારે અન્ય માહિતી ફ્લેટ નં.૧ અને ૫ ની જગ્યાએ ફ્લેટ નં.૬ ની અરજદારને પૂરી પાડેલ છે. વધુમાં જણાવેલ ટેના નં.૧૬ડી–૦૯–૩૧૧૧–૦–૦૦૧ ની માહિતી પાના દીઠ રૂા.૨/– ભરીને મેળવવા જણાવેલ. પરંતુ તે માહિતી પણ અરજદારને પૂરી પાડેલ નથી. આમ અરજદારને ફ્લેટ નં.૧ અને ૫ ની નહીં પૂરી પાડેલ માહિતી પૂરી પાડવાની રહે. જો જરૂર જણાય તો કલમ–૧૧ હેઠળ આરટીઆઈ મુજબની કાર્યવાહી કરી અરજદારને નહીં પૂરી પાડેલી માહિતીની વિગતો આપવાની રહે.

બંને પક્ષકારો તરફથી રજૂ થયેલ વિગતો જોતાં અરજદારે તેમની મૂળ અરજીથી વોર્ડ નં.૧૬ડી સર્વે નં.૧૨૮ સાથે સોના એપાર્ટમેન્ટમાં રામનગર રાંદેરના ફ્લેટ નં.૩૦૧ અને ૩૦૫ ની માહિતીની માંગણી કરેલ છે. જેમાં અરજદારે મિલકતના ટેનામેન્ટ નંબરની કોઈ વિગતો જણાવેલ નથી. જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ ૨૭ પાનાની માહિતીમાં ૧૬ ડી ને આકારણીને લગતા કાગળો તથા કબ્જા સાથેના વેચાણ કરારમાં ૧૬ડી ,સર્વે નં.૧૨૮ નો ઉલ્લેખ કરેલા કાગળોની નકલો આપેલ છે. જેમાં ફ્લેટ નં.૬ નો ઉલ્લેખ છે. તેની સામે અરજદારે રજૂઆત કરેલ છે કે માંગેલ ફ્લેટ નં.૧ અને ૫ ની સામે ફ્લેટ નં.૬ ની માહિતી આપેલ છે. હકીકત જોતાં જાહેર માહિતી અધિકારીના દફતરે આકારણી ખાતાની વિગતોમાં ફ્લેટ નં.૩૦૧ અને ૩૦૫ ની અલગ ઓળખ થઈ શકે તે રીતના દસ્તાવેજો ઉપલબ્ધ હોય તો તેના આધારે અરજદારને તેમના અપીલમાંના દાવા અનુસાર ફ્લેટ નં.૧ અને ૫ ને અનુરૂપ મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી આપવા જોગ થાય. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૨ ની માહિતી આપવામાં આવે અને તેમાં હાલના આકારણીના સ્ટેટસનો સમાવેશ થતો હોય તો અરજદારની મુદ્દા નં.૩ ની માહિતીનો સમાવેશ તેમાં થઈ જાય તેમ છે. જયારે મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી દફતરે ઉપલબ્ધ નહીં હોવાનું જણાવી ઈન્કાર કરેલ છે. પરંતુ જયારે મહાનગરપાલિકાના આકારણી દફતરે મિલ્કત દાખલ હોય ત્યારે અને તેમાં પણ ખાસ કરીને ફ્લેટના કિસ્સામાં પાણી, ડ્રેનેજ જેવી આવશ્યક સુવિધાઓ પૂરી પાડવા મનપાના દફતરે હોવાનું અનુમાનિત છે અને તેવા કિસ્સામાં બાંધકામની રજાચિઠ્ઠી, ઓકયુપેશન સર્ટીફીકેટની દફતરી ઉપલબ્ધ માહિતી અગર તેની અનુપસ્થિતિમાં ગેરકાયદેસર બાંધકામ સબબ જો કોઈ કાર્યવાહી થયેલ હોય તો તેની વિગતો દફતર પર ઉપલબ્ધ હોઈ શકે. પરંતુ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૧ અંગે માહિતી દફતરે ઉપલબ્ધ નહીં હોવાનું માત્ર જણાવેલ છે. જાહેર માહિતી અધિકારીએ આ માહિતી દફતરી ઉપલબ્ધ નહીં હોવા અંગે નાશ કે નિકાલ અંગે કોઈ વિગતો પણ જણાવેલ નથી. આ સંજોગોમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએ આનુષાંગિક દફતર તપાસી મુદ્દા નં.૧ અંગે દફતરી હકીકત અરજદારને પૂરી પાડવાની રહે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૩–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૩ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી અંગે ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે આનુષાંગિક દફતર ચકાસી તે પૈકી મુદ્દા નં.૧ ની ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવા વિકલ્પે દફતરના નાશ કે નિકાલની વિગતોની માહિતી અરજદારને દિન–૭ માં વિના મૂલ્યે પૂરી પાડવા તથા મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી જરૂર જણાયે કાયદાની કલમ ૧૧ હેઠળની પ્રક્રિયા અનુસરી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૧૫ માં પૂરી પાડવા અગર કલમ –૧૧ હેઠળ ઉચિત નિર્ણયની જાણ અરજદારને કરવા ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ શિક્ષાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ સેકટર–૧૮, ગુજરાત રાજય ગાંધીનગરને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી થદારામ કેવલરામ મહેતાણી,